CITY pulse
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૨૪ મે, ૨૦૨૪

સુરત અને સ્પોર્ટ્સને આમ તો ઝાઝો નાતો નથી. સુરતમાંથી સ્પોર્ટ્સ ક્ષેત્રે ખાસ કોઇ એવા મોટા નામો જાણીતા નથી એટલે જો કોઇ એમ કહે કે કોઇ સુરતી વૈશ્વિક સ્તરની સૌથી મોટી સ્પોર્ટસ ઇવેન્ટ ઓલિમ્પિક્સમાં રમવા માટે પસંદ થયો તો તમે શું કહેશો? સુરત માટે ગર્વની વાત એ છે કે આ વખતના પેરિસ ઓલિમ્પિક્સમાં અભૂતપૂર્વ રીતે સુરતના એકસાથે એક નહી પણ બે સુપુત્રો ભારત વતિ રમવા પસંદગી પામ્યા છે. બંને સુરતના ટેબલ ટેનિસ સ્ટાર્સ હરમીત દેસાઈ અને માનવ ઠક્કર ભારત વતિ રમશે અને તે પણ જ્યારે ભારત ઓલિમ્પિક્સના ઇતિહાસમાં પહેલી વાર ટેબલ ટેનિસની સ્પર્ધા માટે ક્વોલીફાઇ થયું છે.સુરત માટે આ અપૂર્વ આનંદ તથા ગૌરવના અવસરે જાણીયે સુરતના પોસ્ટર બોય્ઝ હરમીત અને માનવની જાણી-અજાણી વાતો સીધી તેમના તથા તેમના પરિવારના મુખેથી...



હરમીત દેસાઈ

માનવ ઠક્કર

# સુરતની શાન મેળવી ગયા ઓલિમ્પિક્સમાં સ્થાન





## હરમીતને પ્રોફેશનલ ટેબલ ટેનિસ ખેલાડી બનાવવામાં એના પરિવારનો સિંહ ફાળો

હરમીતના પિતા રાજુલભાઈ શેર બજારનો વ્યવસાય કરતાં હતા જ્યારે તેના માતા અર્ચનાબેન સ્કુલ સંચાલક હતા. તેના માતા પિતા તથા મોટાભાઈ હૃદયે હરમીતના TT કરિયર માટે ખૂબ ત્યાગ અને ડેડીકેશન આપ્યું છે. હરમીત 5 વર્ષનો હતો ત્યારે તેને TV જોવાનો ખૂબ ચસ્કો ચઢી ગયો હતો. તેના પરિવારજનો યુનિવર્સિટી લેવલે TT રમ્યા હોવાથી રાજુલભાઈ ઘરે TT ટેબલ લઈ આવ્યા અને હરમીતને પણ TT તરફ વાળયો. પિતા અને ભાઈ સાથે રમી પ્રેક્ટિસ કરતાં હરમીત 6 વર્ષે ગુજરાત અને 7 વર્ષે ઓલ ઈન્ડિયા જુનિયર લેવલ સ્પર્ધા જીતી ગયો. ભાઈ હૃદય તેની અંગત સોશિયલ લાઈફ ત્યજી આખો વખત હરમીતને તેની જિમિંગ અને પ્રેકટીસમાં સાથ આપતો.

## ધો.12 પાસ થવા સુધી 9 સ્કૂલ બદલી




VNSGUમાં સોશિયોલોજીમાં બી.એ. કરનાર હરમીત દેસાઇ પ્રાથમિક સ્કૂલમાં ખૂબ હોશિંયાર હતો. રાજુલ દેસાઈ કહે છે કે, શહેરની એક જાણીતી સ્કૂલમાં એનો પ્રવેશ લેવા મોટા ગજાના માણસની ભલામણ લઈ ગયો તો આચાર્યએ એડમિશન આપવાની ના પાડી દીધી. ટેબલ ટેનિસની સ્પર્ધામાં એ સ્કૂલના વિદ્યાર્થીને હરમીતે હરાવ્યો તો બીજા વર્ષે સામે ચાલીને એ સ્કૂલે પ્રવેશ આપ્યો. પણ એ પછીના વર્ષે સ્કૂલ સવારની થઈ જતાં TTની રમતમાં ધ્યાન આપવા બપોરની પાળીની સ્કૂલમાં એડમિશન લેવા LC લેવા ગયો તો આચાર્યએ કહ્યું કે, એ માટે જ તમારા છોકરાને એડમિશન આપતો ન હતો. હવે રિમાર્ક લખીને LC આપીશ કે સતત સ્કૂલો બદલતો વિદ્યાર્થી છે. હરમીતે ધો.12 પાસ થવા સુધી 9 સ્કૂલ બદલી છે.

## 2022માં હરમીતે ગુજરાતમિત્રને કહ્યું હતું, ઓલિમ્પિક્સ ગેમ્સમાં ક્વોલિફાઈ થવાનું સપનું છે

2018ની કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના ટેબલ ટેનિસ સ્ટાર હરમીત દેસાઈ 2022માં પણ ટીમ પર્ફોર્મન્સમાં ગોલ્ડ જિત્યો હતો. એ વેળા સુરત એરપોર્ટ પર હરમીત દેસાઈનું સુરતના મેયર હેમાલી બોઘાવાલાની આગેવાનીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હરમીત દેસાઈએ સુરત એરપોર્ટ પર જણાવ્યું હતું કે, કેટલીક લોકલ સ્પર્ધાઓ પછી આગામી એશિયન ગેમ્સમાં ગોલ્ડ જીતવાની તૈયારીઓ કરવાની છે. બે વર્ષ પછી ઓલિમ્પિક ગેમ્સ યોજાવાની છે. તેમાં ક્વોલિફાઇ થવાનું સપનું અને લક્ષ્ય છે. એનું આ સ્વપ્ન હવે સાકાર થયું છે.


ઓલિમ્પિક ગેમ્સમાં ક્વોલિફાઈ થવાનું સપનું છે : હરમીત દેસાઈ

સુરત એરપોર્ટથી તિરંગા રેલી સાથે હરમીત દેસાઈનું ભવ્ય સ્વાગત

હરમીત દેસાઈને વડાપ્રધાને 2 સપ્ટેમ્બરે દિલ્હી બોલાવ્યો

## દીકરાને પ્રોફેશનલ ટેબલ ટેનિસ સ્ટાર ખેલાડી બનાવવા મમ્મી કલ્પના ઠક્કરે તબીબી પ્રેક્ટિસ આટોપી લીધી હતી



પેરિસ ઓલમ્પિકમાં ઇન્ડિયન ટેબલ ટેનિસ ટીમમાં મુખ્ય ત્રણ ખેલાડીમાં પસંદગી પામેલો સુરતનો બીજો TT સ્ટાર ઇન્ટરનેશનલ નામાંકીત ખેલાડી માનવ વિકાસ ઠક્કર માત્ર 24 વર્ષની વયનો ટીમનો સૌથી નાનો ખેલાડી છે.માનવના પિતા વિકાસ ઠક્કર અને આયુર્વેદિકની તબીબ ડો.કલ્પના ઠક્કર પોતે ટેબલ ટેનિસ રમાવાનો શોખ ધરાવતા હતા. તે કેજી.માં ભણતો હતો ત્યારે ભોંયરામાં મમ્મી પપ્પાને TT રમતાં જોઈ પાંચ - સાડા પાંચ વર્ષની વયે TT રેકેટ પકડતો થયો હતો. ખૂબ નાની વયે કોચિંગમાં જોડાયા પછી એક પછી એક સ્ટેટ લેવલ,ઝોનલ,નેશનલ, ઇન્ટરનેશનલ ટુર્નામેન્ટ જીતતો ગયો.એક સમય એવો આવ્યો કે, દીકરાને પ્રોફેશનલ ટેબલ ટેનિસ સ્ટાર ખેલાડી બનાવવા મમ્મી કલ્પના ઠક્કરે તબીબી પ્રેક્ટિસ આટોપી લીધી હતી. તેમણે લેડિઝ ફિટનેસ જીમ પણ બંધ કરી દીધું હતું.



## વાહેદ માલુભાઈવાલાએ સાડા પાંચ વર્ષના માનવની રમતની ઝલક જોતાં જ કહ્યું એને મૂકી જાઓ આ છોકરો ભારત માટે રમશે

સાડા પાંચ વર્ષના માનવની હાઇટ નાની હોવાથી તેનો ગળાનો ઉપરનો ભાગ જ TT ટેબલ સુધી પહોંચતો,તે ઉછળી ઉછળીને રમતો, ડો. વિકાસ ઠક્કર કહે છે કે, મમ્મી પપ્પાને દવાખાનેથી રમવા ખેંચી જતો.એને લીધે બંનેની પ્રેક્ટિસ ડિસ્ટર્બ થતી. કોઈકે સૂચન કર્યું આટલું સારું રમે છે તો સુરતમાં કોચ વાહેદ માલુભાઈવાલા પાસે લઈ જાઓ, તેમણે જોતાં જ કહ્યું હજી નાનો છે આવતા વર્ષે લાવજો.અમે કહ્યું માત્ર એને એકવાર રમત જુઓ પછી નક્કી કરજો.વાહેદ માલુભાઈ વાલા એ એની રમતની ઝલક જોતાં જ કહ્યું એને મૂકી જાઓ આ છોકરો ભારત માટે રમતો દેખાશે.તેઓ માનવને TT ની બારાખડી શીખવનાર પ્રથમ કોચ તરીકે જાણીતા બન્યા છે.

## ડોક્ટર બનીશ તો સુરત, ગુજરાત ભારતમાં નામ થશે, પણ TTમાં કરિયર બનાવીશ તો 200 દેશોમાં નામ થશે

ડો. કલ્પના ઠક્કર કહે છે કે આમ તો અમે માતા-પિતા બંને ડોકટર હોવાથી અમારી ઇચ્છા માનવને ડોકટર બનાવવાની હતી. મારું પિયર રાજકોટ હતું. તે વખતે જામનગર ટુર્નામેન્ટ રમવા હું એને લઇ ગઇ હતી. ત્યાં આયોજકોએ મને છેલ્લે સુધી રોકાવા કહ્યું અને કહ્યું કે અમે એને છેલ્લે પ્રે. મિસિંગ પ્લેયરનો એવોર્ડ તો આપીશું જ. પરંતુ તે સેમી ફાઇનલ અને ફાઇનલ પણ જીતી ગયો. ત્યારે અમને અહેસાસ થયો કે આ છોકરો જાણે TT રમવા માટે જ જન્મ્યો છે. માનવે 2011માં ઝોનલ નેશનલ રેકિંગ ટુર્નામેન્ટમાં ડેબ્યુ કર્યું. તેના પર્ફોમન્સના આધારે તેને પેટ્રોલિયમ સ્પોર્ટસ પ્રમોશન બોર્ડ એકેડમી (PSPBA) અજમેરથી સ્કોલરશિપ ઓફર થઇ. ડો. વિકાસ કહે છે કે અમે એને 7 અને 8 એમ 2 ધોરણ ત્યાં રાખી પછી પાછા લઇ આવીશું એમ વિચાર્યું. પણ તે આ ગેમમાં આગળ વધતો જ ગયો. ડો. વિકાસ કહે છે કે જયારે બધા અમારા એને TT પ્લેયર બનાવવા જેવા અઘરા નિર્ણયનો વિરોધ કરતા હતા ત્યારે તેના દાદા એને રમવાનું પ્રોત્સાહન પુરૂ પાડતા હતા. ઘણીવાર એ ઘણા એરપોર્ટ પર કોઇ ને કોઇ કારણસર અટવાયો અને અમે આખી રાત જાગીને અમારી પ્રેક્ટિસ પડતી મુકીને પણ એને એના ડેસ્ટિનેશન સુધી પહોંચાડયો છે. અમે એને દિવસો સુધી જોતાં જ નથી ઘો. 9માં આવ્યો ત્યારે માનવે માતા પિતાને ઇચ્છા વ્યકત કરી કે તેને ડોકટર નથી બનવું. ડોકટર બનાશે તો સુરત, ગુજરાત ભારતમાં નામ થશે, પણ TTમાં કરિયર બનાવીશ તો 200 દેશોમાં નામ થશે.

## છાપું પાથરી સુવાથી લઇ પોસ્ટ વાનના ડબ્બામાં મુસાફરી કરી

હરમીતનાં મમ્મી અર્ચના દેસાઈ કહે છે કે, “હરમીત સાડા છ વર્ષનો હતો ત્યારે અજમેરની નેશનલ એકેડમીમાં સિલેક્શન માટે તેડું આવ્યું હતું. મને એવું હતું કે એ જઈને આવી જશે. એકાદ દિવસ પછી એના પપ્પા ઘરે આવ્યા તો મેં પૂછ્યું હરમીત ક્યાં છે? તો કહે એને એકેડમીમાં મૂકી આવ્યો. એ દિવસે હું ખૂબ રડી હતી. બીજો કિસ્સો વર્ણન કરતાં અર્ચના દેસાઈ કહે છે કે, હરમીતને લઈ એના પિતા દિલ્હીથી ટ્રેનમાં કોલકાતા ટુર્નામેન્ટ રમવા લઈ જવાના હતા. મારી ટ્રેન પરોઢે 4 વાગ્યે કોલકાતા પહોંચવાની હતી. રાજુલ કોલકાતા સ્ટેશને લેવા આવ્યા તો મેં પૂછ્યું હરમીત ક્યાં છે, તો કહે અહીં નજીકમાં જ છે, આગળ જઈને જોયું તો નાનો હરમીત એક ખુલ્લા વિસ્તારમાં ન્યૂઝ પેપર પર બેગ મૂકી ઊંઘી રહ્યો હતો. ટેબલ ટેનિસની પાછળ ત્યારે અંગત ખર્ચ થતો હતો, એટલે હોટેલનું એક દિવસનું ભાડું બચાવવા એને પેપર પર સૂવડાવવામાં આવ્યો હતો. એવી જ રીતે એકવાર 15 વર્ષની વયે મુંબઈથી વાયા કોલકાતા પહોંચી આઇઝોલ ટુર્નામેન્ટ રમવા જવાનું હતું. હરમીત ત્યારે એકલો મુસાફરી કરતો થયો હતો. એ મુંબઈથી કોલકાતા પહોંચ્યો તો ફ્લાઇટ ચૂકી ગયો. આખી રાત એરપોર્ટ પર કાઢી બીજા દિવસે આઈઝોલ પહોંચી પોસ્ટના ડબ્બા વાનાં માં બેસી ટુર્નામેન્ટનાં સ્થળે પહોંચ્યો હતો.



## સ્પોર્ટ્સ કોટામાં 15 વર્ષની વયે હરમીત સુરત સ્ટેશને ઓફિસર બન્યો



હરમીતના પિતા રાજુલ દેસાઈ કહે છે કે, 15 વર્ષની વયે એ નેશનલ ચેમ્પિયન બનતાં સ્પોર્ટ્સ કોટામાં સુરત રેલવે સ્ટેશને થર્ડ સેક્શન ઓફિસર તરીકે નિયુક્ત થયો. એને 200 સેક્શન ઓફિસરનો બોસ બનાવ્યો હતો. એ ડ્યૂટીએ જાય એટલે સેક્શન એન્જિનિયર બૂમો પાડે. છોટે બાબુજી આ રહે હૈ, તા. 20/4/2015ના રોજ ONGCએ સ્પોર્ટ્સ કોટામાં એને ઓફિસર તરીકે HR ડિપાર્ટમેન્ટ ફરજ સોંપી.

## એશિયન ગેમ્સમાં સૌથી નાની વયે બ્રોન્ઝ મેડલ જીતનાર માનવ ભારતનો પ્રથમ ખેલાડી

સૌથી નાની વયે અનેક વિક્રમો સર્જવાનો રેકોર્ડ માનવના નામે બોલે છે.માનવ સૌથી નાની વયે અંડર 18 અને 21 જીતનાર ભારતનો પ્રથમ ખેલાડી બન્યો હતો.ભારતના સૌથી યંગેસ્ટ TT પ્લેયર તરીકે એશિયન ગેમ્સમાં સૌથી નાની વયે બ્રોન્ઝ મેડલ જીતનાર માનવ ભારતનો પ્રથમ TT ખેલાડી બન્યો હતો.2019 કોમન વેલ્થ ચેમ્પિયશિપમાં માનવ ઠક્કરે 2 ગોલ્ડ મેડલ જીત્યા હતા. અંડર 21 માં વર્લ્ડ રેન્ક ધરાવનાર ભારતનો પ્રથમ ખેલાડી બન્યો.એશિયન જુનિયર ચેમ્પિયશિપમાં 1 સિલ્વર અને 2 બ્રોન્ઝ મેડલ જીત્યો,U 15 અને 18 માં સાઉથ એશિયન ચેમ્પિયશિપમાં 3 ગોલ્ડ મેડલ જીત્યો. 2015માં ભારતના રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તે પ્રેસિડેન્ટ એવોર્ડ મેળવ્યો.મેન્સ માં છેલ્લા 2 વર્ષથી ઇન્ડીયા નંબર વન રેન્ક ધરાવે છે. ભૂતકાળમાં U 18,માં ત્રણ વર્ષ ઇન્ડીયા રેન્ક વન રહી ચૂક્યો છે.U 21 સતત ચાર વર્ષ ઇન્ડીયા રેન્ક વન અને U 15 માં બે વર્ષ ઇન્ડીયા રેન્ક વન રહ્યો છે.તે 82 નેશનલ ગેમ્સ,અને 45 ઇન્ટરનેશનલ ગેમ્સ રમ્યો છે.

## ઓલમ્પિક રમનાર યંગેસ્ટ પ્લેયર

ઓલમ્પિકમાં શરત કમલ (41 વર્ષ) ઉપરાંત હરમીત દેસાઈ (30 વર્ષ) અને માનવ ઠક્કર માત્ર 24 વર્ષનો છે.એ જોતાં માનવ ઠક્કર,ભારત વતી ઓલમ્પિક રમનાર યંગેસ્ટ TT પ્લેયર બનશે

## 2018 એશિયન ગેમ્સમાં 60 વર્ષ પછી ટીમ ઇવેન્ટમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો



માનવ ઠક્કરના નામે એક વિક્રમ એ પણ છે કે તેણે 2018 એશિયન ગેમ્સમાં 60 વર્ષ પછી ટીમ ઇવેન્ટમાં ભારતને બ્રોન્ઝ મેડલ અપાવ્યો હતો. એ પેહલા એ પ્રેસિડેન્ટ એવોર્ડ જીતી ચૂક્યો હતો. વર્ષ 2007માં સુરત રાંદેર ઇસ્લામ જિમખાના 12 વર્ષની વયે સાઉથ ગુજરાત ઓપન જીત્યો હતો. અત્યારે એ BA થર્ડ યરમાં ભણી રહ્યો છે. હાલ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનમાં અધિકારી તરીકે ફરજ બજાવે છે

## હરમીત દેસાઈની સિદ્ધિઓ





સુરતનો હરમીત દેસાઈ ઓગસ્ટ-2021 સુધીમાં વિશ્વમાં 71મા ક્રમે હતો. 2018માં ગોલ્ડ કોસ્ટ, ઓસ્ટ્રેલિયા ખાતે યોજાયેલી કોમનવેલ્થ ગેમ્સમાં તેણે શરથ કમલ, એન્થોની અમલરાજ, સાથિયાન જ્ઞાનસેકરન અને સાનિલ શેટ્ટી સાથે મેન્સ ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ અને મેન્સ ડબલ્સમાં બ્રોન્ઝ મેડલ જિત્યો હતો. હરમીત દેસાઈએ કટક ખાતે કોમનવેલ્થ ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ-2019માં પુરુષ સિંગલ્સનો ખિતાબ જિત્યો, 2019માં ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા તેને અર્જુન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે.

## હરમીતે ડિસાઇડર મેચ જીતીને ભારતને સીધી ઓલિમ્પિક્સમાં એન્ટ્રી અપાવી

વર્લ્ડ ચેમ્પિયનશિપની બધી જ મેચો હરમીત દેસાઈએ જીતી હતી. અંતિમ મેચ ભારત વિરુદ્ધ કઝાકિસ્તાન વચ્ચેની હતી. બધા જ ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓ અને આ રમતમાં જાણકારો ચિંતામાં હતા. જો હરમીત હારી જાય તો ફરી ભારતે ઓલિમ્પિક માટે રાહ જોવી પડે. કઝાકિસ્તાનના ખેલાડીને હરાવી હરમીતે ટીમ ઇવેન્ટમાં ભારતને સીધી ઓલિમ્પિકમાં એન્ટ્રી મળી. એ જ રીતે મેન્સ સિંગલ માટે પણ સીધી એન્ટ્રી મળી.

## RAPID FIRE

| હરમીત દેસાઈ | Q | માનવ ઠક્કર |
|---|---|---|
| ઈદડા અને કેરીનો રસ | ફેવરિટ સુરતી ડિશ | કોકો |
| પિતા અને કોચ ઝેંગ જૈક | પ્રથમ TT કોચ અને રોલ મોડેલ | વાહેદ માલુભાઈવાલા, મહેન્દ્રસિંહ ધોની |
| નં.1 અને નં.59 | ઇન્ડિયા અને વર્લ્ડ રેન્કિંગ | નં.1 અને નં.60 |
| 3 IDIOTS | ફેવરિટ ફિલ્મ | ચક દે ઇન્ડીયા |
| ક્રિકેટ | ટેબલ ટેનિસ સિવાયની પ્રિય રમત | ક્રિકેટ |
| સુરત, ઈન્દોર અને મોન્ટે કાર્લો | પ્રિય શહેર-દેશ અને વિદેશમાં | સુરત અને વિદેશમાં પેરિસ |
| શાહરૂખ ખાન | પ્રિય અભિનેતા | ---- |

### ડબલ્સ અને સિંગલ્સ રમતમાં શું ફેર

હરમીત દેસાઈ કહે છે કે, ડબલમાં પાર્ટનરનો સપોર્ટ મળવો જોઈએ. કો-ઓર્ડિનેશન જોઈએ. પાર્ટનરની વિકનેસ અને સ્ટ્રેંથ પ્રમાણે રમવું પડે. સિંગલ્સમાં એકલા મેનેજ કરવાનું હોય, મેન્ટલી સિંગલ્સ રમવું ટફ હોય છે.

પક્ષ અને વિપક્ષ મુજબ મુશ્કેલીનું સતત,જો બંને હોય તો શું લાભ શું નુકશાન,તાલમેલ સાથેની તૈયારી બંનેમાં જોઈએ.સિંગલ્સ હોય કે ડબલ્સ રમતી વખતે સ્ટ્રેટેજી અને તાલમેલ જરૂરી છે.


દક્ષિણ કોરિયા સામે હારવા છતાં ભારતીય ટેબલટેનિસ ટીમે બ્રોન્ઝ જીતી રચ્યો ઇતિહાસ

એશિયન ગેમ્સ ટેબલટેનિસના ઇતિહાસમાં ભારતીય પુરૂષ ટીમે પહેલો મેડલ દેશને અપાવ્યો

વર્ષ 2018માં ઈન્ડોનેશિયાના જકાર્તામાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ટેબલ ટેનિસની ટીમ ઈવેન્ટમાં ભારતે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો આ ટીમમાં માનવ ઠક્કર પણ રમ્યો હતો. ગુજરાતમિત્રએ એને લગતો અહેવાલ પ્રસિદ્ધ થયો હતો.